# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પવન ઉર્જા ક્ષેત્રે પ્રથમ ક્રમે આવ્યું.
- કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સરસાણા ખાતે SGCCI ના પદગ્રહણ સમારોહમાં કહ્યું કે, રાજ્યસરકારની સરળ નીતિને કારણે ઔદ્યોગિક વિકાસમાં સુરત અગ્રેસર રહ્યું.
- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મોટાભાગના જિલ્લાઓમાં વરસાદ - દેવભૂમિદ્વારકાના ખંભાળિયામાં સૌથી વધુ નવ ઈંચ વરસાદ.
- ગાંધીનગર જિલ્લાના 13 પ્રતિકાત્મક સ્થળ પર દસમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આજના બાળકોને ફોન અને ટીવીથી દૂર રાખવા સમર કેમ્પ જેવા આયોજન જરૂરી છે.
- સમગ્ર દેશમાં આજે બકરીઈદનો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે.

---

## WIND POWER INSTALLATION

**સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પવન ઉર્જા ક્ષેત્રે પ્રથમ ક્રમે આવ્યું છે. તે બદલ ગુજરાત રાજ્યને પ્રતિષ્ઠિત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે.**

ભારત સરકારના નવીનીકરણ ઉર્જા મંત્રાલયે વૈશ્વિક પવન ઉર્જા દિવસ નિમિત્તે પવન ઉર્જા ક્ષેત્રે ગુજરાતને માન્યતા આપી છે. અને સમગ્ર દેશમાં આ ક્ષેત્રે ગુજરાત પ્રથમ સ્થાને છે.

મે 2023 સુધીમાં 11 હજાર 823 મેગાવોટ સ્થાપિત પવન ઉર્જાની ક્ષમતા સાથે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે. પવન ઉર્જા ક્ષેત્રે રાજ્ય સરકારની નીતિ, સક્રિય પગલાં અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણને કારણે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ઉર્જા વિકાસ એ સમગ્ર રાજ્યમાં પવન ઉર્જા પરિયોજનાઓને સરળ બનાવવા અને અમલમાં મુકવા મહત્વની ભૂમિકા ભજવી છે.

-------------------------------------------------------------

## C.R.PATIL- SGCCI PADGRAHAN

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં સુરતના સરસાણા ખાતે SGCCI - (ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ) એન્ડ ઈન્ડસ્ટ્રીનો ૮૪મો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. શ્રી પાટિલ સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારની સરળ નીતિ, ઉદ્યોગો માટેનું યોગ્ય વાતાવરણને કારણે ઔદ્યોગિક વિકાસમાં સુરત અગ્રેસર રહ્યું છે. ઉદ્યોગો લોકોને રોજગારી આપતું સૌથી મોટું માધ્યમ છે. સુરતમાં આવનારા 50

વર્ષો માટે પાણીની સુવિધા કરીને ત્યાં પૂરની સ્થિતિ ન સર્જાય તે માટે તંત્રની વિશેષ તૈયારીઓની ખાતરી પણ આપી હતી.

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં ટ્રાફિક નિયમને લગતી તેમની સમસ્યાઓનું ટૂંક સમયમાં નિવારણ લાવવાની ખાતરી આપી હતી.

------------------------------------------------------------

# Guj rain

રાજ્યના અનેક જિલ્લાઓમાં ગઈકાલે વરસાદ પડ્યો હતો. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતાએ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગરને ટાંકીને જણાવ્યું છે કે, ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધીમાં રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો હતો. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં સૌથી વધુ નવ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે પોરબંદરમાં અઢી, દ્વારકાના ભાણવડમાં બે, પોરબંદરના રાણાવાવમાં દોઢ, કચ્છના નખત્રાણામાં સવા એક, ભાવનગરના ગારિયાધરમાં એક અને વલસાડના ધરમપુરમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો.

પોરબંદર જિલ્લામાં પણ ગઈકાલે મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ વરસતા લોકોએ ઠંડકનો અનુભવ કર્યો હતો. અહીં બરડા પંથકના બગવદર, અડવાણા, સીમર, રોજીવાડા, મોઢવાડા સહિતના ગામમાં પણ વાવણીલાયક વરસાદ નોંધાતા ખેડૂતોમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે.

**અમારા અમરેલી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, ગઈકાલે અમરેલી, ગાવડકા, લીલીયા, સાવરકુંડલા અને વડિયા પંથકમાં ધોધમાર વરસાદ વરસતા સ્થાનિક નદીઓમાં પાણી આવ્યાં છે. અમરેલીમાં અનેક વિસ્તારમાં વાવણી થયા બાદ નોંધપાત્ર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.**

---------------------------------------------------------------

# Gandhinagar Yoga divas

ગાંધીનગર જિલ્લા કલેક્ટર સંજય મોદી જણાવ્યું કે, જિલ્લાના 13 પ્રતિકાત્મક સ્થળ પર ‘સ્વયં અને સમાજ માટે યોગ’ વિષયવસ્તુ પર આગામી 21મી જૂને દસમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ પ્રતિકાત્મક સ્થળમાં અડાલજની વાવ, ત્રિમંદિર, મહાત્મા મંદિર, ડભોડિયા હનુમાન મંદિર, કંથારપુર વડ, સાંપાની વાવ, મહુડી જૈન મંદિર, અંબાપુરની વાવ, રૂપાલ વરદાયિની માતાનું મંદિર, ઈફકો કલોલ, ગલુદણની વાડી, માણસા મહાવિદ્યાલય અને સ્વામિનારાયણ ગુરૂકુલ કલોલનો સમાવેશ થાય છે. આમ, જિલ્લામાં કુલ એક હજાર 462 સ્થળ ખાતે યોગ કાર્યક્રમ યોજાશે, જેમાં અંદાજે 2 લાખ 60 હજાર નાગરિકો સહભાગી બનશે.

આ ઉજવણીમાં વધુને વધુ લોકો સ્વયં સહભાગી થાય તેવો જિલ્લા વહીવટી તંત્રનો હેતુ છે.

---------------------------------------------------------------

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

---

# Ahd Summer camp samapan

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આજના બાળકો આખો દિવસ ઘરે ફોન, ટીવીની સામે સમય પસાર કરે છે.

આવામાં સમર કેમ્પનું આયોજન થાય તો બાળકો ઘરની બહાર નીકળતા થાય. આવા આયોજનથી બાળકોનો માનસિક અને શારીરિક સર્વાંગી વિકાસ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ઔડા ઑડિટોરિયમ હૉલ ખાતે પોલીસ કર્મચારીઓના બાળકો માટે યોજાયેલા સમર કેમ્પના સમાપન સમારોહમાં બાળકોને સંબોધિત કર્યા હતા.

અમદાવાદના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલિકના માર્ગદર્શન મુજબ, આ વખતે પ્રથમ વખત ખાસ કરીને પોલીસ કર્મચારીઓના બાળકોને તાલીમ આપવા અને તેમનો ઉત્સાહ વધારવા 16 મેથી એક મહિના સુધી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમર કેમ્પમાં કુલ 600 જેટલા પોલીસ કર્મચારીઓના બાળકોએ ભાગ લીધો હતો. એક મહિના દરમિયાન કેમ્પમાં બાળકોની બૌદ્ધિક શક્તિ સહિત શારીરિક અને માનસિક ક્ષમતામાં વધારો કરતી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમર કેમ્પમાં જોડાયેલા બાળકોએ પણ દર વર્ષે આવા કેમ્પનું આયોજન કરવામાં આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

-------------------------------------------------------------

# PM - MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.**

**આગામી કાર્યક્રમ માટે લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાનાં વિચારો અને સૂચનો મોકલી શકે છે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા પર માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા પણ પોતાનાં વિચારો રજૂ કરી શકે છે. ચાલુ મહિનાની 28 તારીખ સુધીમાં સૂચનોને સ્વીકારવામાં આવશે.**

**મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે. એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા**

માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે.

---------------------------------------------------------------

## Somnath gaga dashera ujavani

ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટર ડી. ડી. જાડેજાના હસ્તે સોમનાથ ત્રિવેણી સંગમ ખાતે ગઈકાલે ગંગાદશેરા નિમિત્તે ગંગા અવતરણ પૂજા અને મહાઆરતી કરવામાં આવી હતી.

ગંગા લહેરી સ્તોત્રના પઠન સાથે 10 કન્યાએ શિવજીની જટા પર ગંગાજળ અભિષેક કર્યો હતો. સંધ્યા સમયે થયેલી ત્રિવેણી માતાજીની મહાઆરતીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. અહીં સોમનાથ ટ્રસ્ટ દ્વારા ત્રિવેણી ઘાટ ખાતે ગંગા અવતરણ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

---------------------------------------------------------------

## Bakreid

સમગ્ર દેશમાં ઈદ-ઉલ-અદહા એટલે કે બકરીઈદનો તહેવાર આજે મનાવવામાં આવી રહ્યો છે.  આ પ્રસંગે ઈદગાહ અને મસ્જિદોમાં ઈદની નમાજ અદા કરવામાં આવી રહી છે. દિલ્હીમાં મુખ્ય નમાઝ જામા મસ્જિદ, ફતેહપુરી મસ્જિદ અને શાહી ઈદગાહમાં થશે.

દરમ્યાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક મહાનુભાવોએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું છે કે ઈદ-ઉલ-અદહાનો તહેવાર પ્રેમ, ભાઈચારા અને સામાજિક સમરસતાનો સંદેશ આપે છે. આ તહેવાર લોકોને માનવતાની નિઃસ્વાર્થ સેવા માટે પ્રેરણા આપે છે.

------------------------------------------------------------

# Navsari Accident

નવસારી જિલ્લાના  મરોલી ઉભરાટ રોડ પર એક ખાનગી કારચાલકે ત્રણ રાહદારીઓને ટક્કર મારતાં બેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. નવસારી જિલ્લાના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે ગઈકાલે રાત્રે મરોલી ઉંભરાટ રોડ પર પસાર થઈ રહેલા ત્રણ કામદારોને એક ખાનગી કારચાલકે ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં આ ત્રણ  શ્રમિક્માંથી બેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા જ્યારે ત્રીજા શ્રમિકને ઈજા થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ત્રણેય શ્રમિકો ઉત્તરપ્રદેશના હતા. બનાવ અંગે મરોલી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

------------------------------------------------------------

# Praful Pansheriya Surat

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના થકી વિદ્યાર્થીઓનો શિક્ષણ પ્રેમ વધશે તથા વર્ષોથી શિક્ષણના વિકાસ માટે સેવાભાવી દાતાઓએ શાળાઓને આર્થિક સહયોગ આપી માનવ જીવન ઘડતરનું ઉત્તમ અને અવિરત કાર્ય કર્યું છે.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ બે કરોડ 80 લાખ રૂપિયાના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સચીન વિભાગ કેળવણી મંડળ સંચાલિત કલરટેક્ષ અંગ્રેજી માધ્યમ શાળાના લોકાર્પણ પ્રસંગે આ મુજબ જણાવી વધુમાં ઉમેર્યું હતું કે  શિક્ષણ એ આપણા સાંસ્કૃતિક વારસાનું પ્રતિબિંબ છે. એવી જ રીતે પોતાનું સર્વ સમર્પણ કરી દેનાર શિક્ષકો સાચા ગુરુજનો છે.

આ પ્રસંગે વન મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે જુનિયર કેજી થી ધો.૧૨ સુધીના વર્ગો હોવાથી વિદ્યાર્થીઓને ઘર આંગણે ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થઇ રહ્યું છે.

------------------------------------------------------------